# <u>કાર્ય શિબિરનું વિધાન</u>

## ભારતમાં સામુદ્રિક રક્ષિત વિસ્તારોના સામાજિક પરિમાણો : શું મત્સ્યક્ષેત્રી સમાજોને કાંઇ ફાયદો થાય છે?

**૨૧ થી ૨૨ જાન્યુઆરી,૨૦૦૯**

**ઈમેજ ઓડિટોરિયમ, ચેન્નાઈ**

અમે છીએ પ્રતિનિધિઓ- કારીગરીય તથા લઘુ-ઉધોગકીય મત્સ્યકારોના સંગઠનોના. અમારા સંગઠનો પ્રોત્સાહન આપે છે મત્સ્યકારોને, પર્યાવરણીય જૂથોને તથા એવા વિજ્ઞાનપરસ્ત સમાજોને તેપ્રતિબદ્દધ છે જે દરિયા કિનારાની તથા દરિયાઈ જીવસૃષ્ટિના સ્ત્રોતોના સમાન વિનિયોગ તથા સમાજ-ન્યાયી નિયમબદ્દધતા  તથા સંચાલનને સમર્પિત છે. આ કાર્ય શિબિરમાં તા.૨૧ થી ૨૨ જાન્યુઆરી ૨૦૦૯ દરમ્યાન અમે ભાગ લીધેલ છે જેનું વિધાન છેઃ ભારતમાં સામુદ્રિક રક્ષિત વિસ્તારોના અમલીકરણના સામાજિક પરિમાણોઃ શું  મત્સ્યક્ષેત્રી સમાજોને કાંઇ ફાયદો થાય છે?

અમે સજાગ છીએ ફીશરીઝના મહત્વ બાબતે તથા લાખો  મત્સ્યક્ષેત્રી લોકોની તેમની પર આધારિતતા બાબતે અમે એ હકીકત  પણ જાણીએ છીએ કે  દરિયાઈ તેમજ દરિયાકાંઠાની પર્યાવરણીય વ્યવસ્થાઓ સમૃદ્દધ છે તથા તેનાથી બહુ મોટા પ્રમાણમાં મત્સ્યજનન તથા સંવર્ધન થઈ શકે તેમ છે. તથા તેનાથી બહુ મહત્વના સમુદ્રકાંઠાની સુરક્ષિતતાના ફાયદા મળી શકે તેમ છે.

અમે ચિંતિત છીએ ભારતની ઓછામાં ઓછી ૧૦% વસ્તીબાબતે કે જે સક્રિય દરિયાઈ વસ્તી તરીકે આજીવિકાની સમસ્યાઓનો સામનો કરે છે, જેમની પર છે અયોગ્ય એવા પ્રતિબંધો જેનાથી તેઓ પોતાની મત્સ્યકીય પ્રવૃતિઓ દરિયાઈ કે દરિયાકાંઠાના સુરક્ષિત વિસ્તારમાં કરી શકતા નથી. આવા વિસ્તારો છેઃ મન્નાર નેશનલપાર્કની ખાડી, તામિલનાડુ,ગહારમથા(દરિયાઈ) વાઈલ્ડ લાઈફ અભયવન,ઓરિસ્સા,કચ્છના અખાતનું મરિન નેશનલપાર્ક તથા અભયવન, સુંદરવન વાઘ અભયવન ,પશ્ચિમ બંગાળ તથા માલવણ ( દરિયાઈ) વાઈલ્ડ લાઈફ અભયવન,મહારાષ્ટ્ર ;

વધુમાં અમે ચિંતિત છીએ મત્સ્યકારી પ્રવૃતિઓ કે જેમણે દરિયાઈ તેમજ દરિયાકાંઠાની સુરક્ષિત વિસ્તારોમાં પર્યાવરણીય  તેમજ  પરિસ્થિતિક વિનાશાત્મક અસરો ઊભી કરી છે. જેમકે અમર્યાદ પ્રદૂષણ તથા ઔધૌગિક પ્રવૃતિઓને કારણે આમને રહેવાસની નિમ્ન અવસ્થા તથા તેની પર કોઈ નિયંત્રણ ન હોવાને કારણે તેમના સંરક્ષણ-નિયંત્રણના ઉપાયો પર અયોગ્ય ખર્ચા જે મત્સ્યકારી સમાજોને  વેઠવા  પડે છે  ચિંતિત છીએ અમે તે બાબતે.

અમે સજાગ છીએ  મત્સ્યકારી સમાજો જે દરિયાઈ તથા દરિયાકાંઠાકીય સુરક્ષિત વિસ્તારોમાં તથા તેની આજુબાજુમાં રહે છે તેમના જીવનકીય તથા વ્યાવસાયિક  હિતોના  સંરક્ષણ-નિયંત્રણના ઉપયોગ તથા નિયમનના અભિગમવાળી આંતરમાળખાકીય  ઢાંચાની મર્યાદામાં રહીને અસરકારક રજૂઆત બાબતે.

આથી અમે ભલામણ કરી એ છીએઃ

**૧) દરિયાઈ તથા દરિયાકાંઠાકીય સુરક્ષિત વિસ્તારોના કાર્યાન્વયનમાં સહભાગિતા, પર્યાવરણીય ન્યાય તથા માનવ અધિકારના પાયાના સિદ્દધાંતોને આંતર્નિહિત કરો.**

મત્સ્યકારી સમાજોની નિર્ણય-પ્રક્રિયાના દરેક તબકકામાં પૂર્ણ અને સક્રિય ભાગીદારી દરિયાઈ તેમજ કાંઠાકીય સુરક્ષિત વિસ્તારોની પસંદગી,આયોજન,પદનામ,અમલીકરણ, પુનઃચકાસણી તથા મૂલ્યાંકન જેવા વિવિધ તબકકાઓમાં નીતિ કાયદો તથા અમલીકરણની બાબતમાં ખાત્રીબદ્દધ કરાવી

જોઈએ કે જેથી કરીને સામાજીક તથા સંરક્ષણ-નિયંત્રણના હેતુઓ સાકાર થાય તથા સારી પ્રથાઓ ભારતની અંદર તથા બહાર પ્રસ્થાપિત થઈ શકે.

મત્સ્યકારી સમાજોને સહયોગી તરીકે ગણવા જોઈએ તથા સમાજ પ્રણિત એવા પગલાં જે સંચાલન તથા સંરક્ષણ-નિયંત્રણ માટે હોય તેમની ઓળખ તથા પુષ્ટિકરણ થવું જોઈએ. વૈવિદયસભર સહભાગિતાવાળા તથા નિશ્ચિત અભિગમો કે જેના દવારા દરિયાઈ તથા દરિયાકાંઠાના સ્ત્રોતો ના સંરક્ષણ-નિયંત્રણ તથા સંચાલન શકય બને તેમને આગળ કરવા જોઈએ.

લઘુઉદ્યોગકીય માછીમારોકે જે પોષણીય મત્સ્યકારીસાધન તથા વ્યવહારોનો ઉપયોગ કરતા હોય તેમના મત્સ્યકારી હકકોનું રક્ષણ કરાવું જોઈએ.જો મત્સ્યકારી પ્રવૃતિઓનું નિયંત્રણ થાય તો પૂરતી પ્રતિપૂર્તિ અપાવી જોઈએ તથા એક પધ્ધતિસરનો તેમજ સહભાગીતાવાળો અભિગમ અપનાવાવો જોઇએ કે જેનાથી સંસર્ગિત સમાજોનું ઉત્થાન થઈ શકે તથા તેમના જીવનધોરણમાં વિવિધતા લાવી શકાય .

વર્તમાન દરિયાઈ તથા દરિયાકાંઠાકીય સંરક્ષિત વિસ્તારોના અમલીકરણની પુનઃ ચકાસણી તાત્કાલિક ધોરણે કરાવી જોઈએ જેમા સહભાગિતાના, પર્યાવરણીય ન્યાય,સામાજીક ન્યાય, તથા માનવઅધિકારોના સિધ્ધાંતો પર પ્રકાશ પડવો જોઈએ.લક્ષ હોવું જોઈએ આ ક્ષેત્રોમાંના મત્સ્યકારી સમાજો દ્વારા સામનો કરાતી મુશ્કેલીઓને આગળ કરવી નવા સામુદ્રિક તથા કાંઠાકીય સંરક્ષિતવિસ્તારોની ગણના માત્ર પારદર્શી વ્યવસ્થાઓ થકી જ થવી જોઈએ જેમાં સહભાગીતા, પર્યાવરણીય ન્યાય,સામાજીક ન્યાય, તથા માનવઅધિકારોનો સમાવેશ થવો જોઈએ ત્યારબાદ જ આવા વિસ્તારોનું પદનામ તથા સંચાલન સ્થાપિત થવું જોઈએ.

**૨) ગૈર મત્સ્યકારી સ્ત્રોતો દ્વારા દરિયાઈ તેમજ કાંઠાકીય પર્યાવરણ વ્યવસ્થાની સામે ઊભા કરાતા પડકારો પર ધ્યાન દો.**

ગૈર મત્સ્યકારી સ્ત્રોતો દ્વારા દરિયાઈ તથા કાંઠાકીય રહેવાસોના અવનતીકરણ તથા પ્રદુષણને અટકાવવા કડક પગલાં ભરાવા જોઈએ.બંદરો,શિપિંગ લેનો, પ્રવાસનવિકાસ તથા અન્ય સંલગ્ન પ્રવૃતિઓ સામે સંરક્ષિત વિસ્તારોની અંદર કે બહાર વર્તમાન કાયદાકીય પ્રાવધાન નું કડક રીતે અમલીકરણ કરાવું જોઈએ.

**૩) મત્સ્યકારી નિયંત્રણ ધારો બધાજ રાજયો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલી બનાવો.**

પ્રાદેશિક જળમાં દરિયાઈ મત્સ્યકારી નિયંત્રણ ધારાઓનો અસરકારક અમલ કરવો જોઈએ; ખાસ કરીને બિન-મશીનગત મત્સ્યકારી વિસ્તારો,જાળની સાઈઝનું નિયંત્રણ તથા વિનાશાત્મક મત્સ્યકારી સાધનો તથા પ્રવાસોનું જેમકે વિસ્ફોટકો,તળિયે જઈને માછીમારી કરવી તથા મોટી-મોટી જાળ બિછાવીને માછલાં પકડવાનું નિયંત્રણ ખાત્રીબધ્ધ કરાવું જોઈએ કે જેનાથી મત્સ્યક્ષેત્રના સંરક્ષણ-નિયંત્રણમાં તથા પ્રાદેશિક જળના સંચાલનમાં સુધારો આવી શકે. મત્સ્યક્ષેત્રીય સંચાલનની અસરકારકતા સુધારવા સહસંચાલન વ્યવસ્થાઓને ધ્યાનમાં લેવી જોઈએ.

**૪) ઈઈઝેડના જીવંત સ્ત્રોતોના સંચાલન તથા સંરક્ષણ-નિયંત્રણ માટે વિધિવિધાન અપનાવો.**

મત્સ્યકેન્દ્રો સહિત જીવંત સ્ત્રોતોના પ્રદેશના અસરકારક સંરક્ષણ-નિયંત્રણ તથા સંચાલન દ્વારા સમગ્ર ભારતમાં ઈઈઝેડ (એકસકલુઝિવ ઈકોનોમીક ઝોન) એક સહભાગીતાની પ્રક્રિયા દ્વારા વિકસાવાય

તે જોવું જોઈએ આ સંદર્ભમાં, પ્રસ્તુત  કાયદાઓની પુનઃચકાસણી,સુધારણા તથા પુષ્ટિકરણ થવું જોઈએ
દરિયાઈ મત્સ્યકારી નિયંત્રણ ધારા સહિત મત્સ્યકારી માટેના પર્યાવરણીય એકશન પ્લાન અપનાવીને એવાં પગલાં લેવાવા જોઈએ જેનો ઉપયોગ મત્સ્યકારી સ્ત્રોતોના નિયંત્રણ તથા સંચાલન માટે કરાવો
જોઈએ.

**૫) દરિયાકાંઠાના તથા દરિયાઈ જીવંત સ્ત્રોતોના સંચાલન માટે  એકાત્મતા વાળો અભિગમ અપનાવો**

ખાસ કરીને કૃષિ તથા પર્યાવરણ એવં જંગલ મંત્રાલય વચ્ચે સહકારિતા અને સંવાદિતા તેમજ રાજય સ્તરે મત્સ્યકારી તેમજ જંગલ ખાતા વચ્ચે  એવી સહકારિતા અને સંવાદિતા વધારવી જોઇએ. વધુ સારી પ્રતિક્ષેત્રિય સંવાદિતા જે તે મંત્રાલયો વચ્ચે હોવી જોઇએ. જેનાથી દરિયાકાંઠાની તથા દરિયાઈ અવકાશની ન્યાય સીમા બાબતે તેજ રીતે સંશોધન સંસ્થાઓ તેમજ ગૈર સરકારી સંસ્થાનો ની વચ્ચે પણ વધુ પ્રતિ ક્ષેત્રિય સંવાદિતા સ્થપાવી જોઇએ.

સાર રૂપે, અમે વિનંતી કરીએ છીએ કે દરિયાઇ તથા કાંઠાકીય જીવંત સ્ત્રોતોના સંરક્ષણ-નિયંત્રણ, ઉપયોગ  તથા સંચાલન માટે એકાત્મતા યુકત તેમજ સહભાગિતા વાળા માળખાની જરૂરિયાતની સ્વીકૃતી થવી જોઇએ કે જેનાથી મત્સ્યકારી સમાજો ને કાંઠાકીય તથા મત્સ્યકારી સ્ત્રોતોની વિશેષ પ્રાપ્તિના હકકો સુરક્ષિત કરી શકાય. ભારતના ૧૯૪૮ ના યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (યુ.ડી.એચ.આર) હેઠળ આવરાયેલી ફરજ તથા વચનબધ્ધતા ની સાથે સુસંબધ્ધ હોવું જોઈએ. ૧૯૮૨ ના યુનાઈટેડ નેશન્સ કન્વેશન્શન ઓન ધ લો ઓફ ધી સી (યુ.એન.સી.એલ.ઓ.સી.) ૧૯૯૫ ના એફ.એ.ડી કોડ ઓફ કન્ડકટ ફોર રીસ્પોન્સીબલ ફીશરીઝ (સી.સી.આર.એફ) તથા ૧૯૯૨ ના કન્વેશન્શન ઓન બાયોલોજીકલ ડાઈવર્સિટી (સી.બી.ડી) તથા યુનાઈટેડ નેશન્સ મિલેનિયમ ડેવલોપમેન્ટ ગોલ્સ (એમડીજી) હેઠળ આવરાયેલી ફરજ તથા વચનબધ્ધતાની સાથે સુસંબધ્ધ હોવું જોઈએ.

હસ્તાક્ષરકર્તા

સંસ્થાનો :

૧) નેશનલ ફિશવર્કર્સ ફોરમ
૨) માલવણ તાલુકા શ્રમિક મચ્છીમાર સંઘ, મહારાષ્ટ્ર
૩) સુંદરવન ફીશરમેન્સ જોઈન્ટ એકશન કમીટી ,પશ્ચિમ બંગાળ
૪) રામનાદ ડિસ્ટ્રિકટ ફિશવર્કર્સ ટ્રેડ યુનિયન, તમિલનાડુ
૫) વન્ગકડાલ મીન તોઝીલલર સંગમ, તમિલનાડુ
૬) ઓરિસ્સા ટ્રેડિશનલ ફિશવર્કર્સ  યુનિયન(ઓટીએફડબલ્યુ), ઓરિસ્સા
૭) ઈન્ટરનેશનલ કલેકટીવ ઈન સપોર્ટ ઓફ ફિશવર્કર્સ (આઈસીએસએફ)
૮) સાઉથ ઈન્ડિયન ફેડરેશન ઓફ  ફીશરમેન સોસાયટીઝ (એસઆઇએફએફએસ)
૯) કલ્પવૃક્ષ
૧૦)ગ્રીન પીસ ઇન્ડિયા
૧૧)ધન (ડીએચએએન) ફાઉન્ડેશન

૧૨)દક્ષિણ ફાઉન્ડેશન
૧૩)એકશન ફોર ફુડ પ્રોડકશન (એએફપીઆરઓ)
૧૪)ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ (આઈસીએમ)
૧૫)ડબલ્યુ ડબલ્યુ એફ ઈન્ડિયા
૧૬)પ્રોજેકટ સ્વરાજય , ઓરિસ્સા
૧૭)સેતુ(એસઈટીયુ) ઈન્ફોર્મેશન સેન્ટર, કચ્છ ગુજરાત
૧૮)ગ્રુપ ઓફ નેચર પ્રિઝર્વેશન એન્ડ એજયુકેશન(જીએનએપીઈ), તમિલનાડુ
૧૯)પ્રોત્સાહન, કેરાલા
૨૦)ડિરેકટ ઈનીશીએટીવ ફોર સોશીયલ એન્ડ હેલ્થ એકશન (ડીઆઈએસએચએ), પશ્ચિમ બંગાળ

**વ્યકિતગત**

૧) ડૉ. કાર્તિક શંકર, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ દક્ષિણ ફાઉન્ડેશન, બેંગલોર
૨) ડૉ. બી. સી. ચૌધરી, પ્રોફેસર, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા, દહેરાદૂન
૩) ડૉ.આશાલતા, સિનીયર સાઈન્ટીસ્ટ, સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ઓફ ફીશરીઝ ટેકનોલોજી (સીઆઈએફટી), કોચી
૪) ડૉ.વી.સંપત, પૂર્વ સલાહકાર, મિનીસ્ટ્રી ઓફ અર્થ સાયન્સીઝ, ભારત સરકાર
૫) શ્રી સંજય ઉપાધ્યાય, એડવોકેટ, સર્વોચ્ચ ન્યાયાલય તથા માનદ મેનેજીંગ ટ્રસ્ટી, એન્વાયર્નમેન્ટ લો તથા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, નવી દિલ્હી
૬) સુશ્રી એમ.રાચેલ પર્લિન, સીટીઝન કન્ઝયુમર એન્ડ સિવિક એકશન ગ્રુપ(સીએજી), તમિલનાડુ
૭)શ્રી મનીષ ચાંડી, રીસર્ચએસોસીએટ આંદામાન એન્ડ નિકોબાર આઈલેન્ડઝ એન્વાયર્નમેન્ટલ ટીમ(એએનઈટી) એન્ડ રીસર્ચ એફિલિએટ, નેચર કોન્ઝર્વેશન(એનસીએફ), કર્ણાટક